# અમીશ પટેલ અપમૃત્યુમાં આરોપી પક્ષની રેલી

**‘માત્ર** પૂછપરછના બહાને બોલાવી પતિને ખોટી રીતે ફસાવ્યા’ : સગર્ભા પત્નીનો આક્ષેપ

**‘ખોટી** ફરિયાદ અને ધરપકડ બંધ કરો’ ના બેનરો સાથે મોટી સંખ્યામાં લોકો જોડાયા



સુરતઃ ઓલપાડના સરોલી ગામના યુવાન અમીશ પટેલના શંકાસ્પદ મોતના કેસમાં ફરિયાદી પક્ષ બાદ હવે આરોપી પક્ષે પણ સુરત રેન્જ IG કચેરી સુધી રેલી યોજી ન્યાયની માગણી કરતાં કેસમાં નવો વળાંક આવ્યો છે.

રેલીમાં જોડાયેલા લોકોના હાથમાં ‘ન્યાય જોઈએ, પૂર્વગ્રહ નહીં’ અને ‘ખોટી ફરિયાદ અને ખોટી ધરપકડ બંધ કરો’ જેવા બેનરો જોવા મળ્યા હતા. રેલી બાદ પોલીસ તપાસ નિષ્પક્ષ રીતે કરવામાં આવે અને સત્ય હકીકત બહાર લાવવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી.ધરપકડ કરાયેલા સાત આરોપીઓ પૈકીના એક દિવ્યેશ પટેલની સગર્ભા પત્ની કિંજલબેન પણ રેલીમાં જોડાઈ હતી. તેમણે પોતાના પતિ સહિત સાતેય યુવાનો નિર્દોષ હોવાનો દાવો કરતાં પોલીસ તપાસ સામે સવાલો ઉઠાવ્યા હતા.

કિંજલબેને જણાવ્યું હતું કે, તેમના પતિને પોલીસે માત્ર પૂછપરછ માટે પોલીસ સ્ટેશન બોલાવ્યા હતા અને ત્યારબાદ કોઈ સ્પષ્ટ કારણ જણાવ્યા વગર ખોટા અને પાયાવિહોણા આક્ષેપો કરી ધરપકડ કરી લેવામાં આવી હતી. પોતે સગર્ભા હોવા છતાં છેલ્લા 8થી 10 દિવસથી પતિને જેલમાંથી બહાર લાવવા માટે પ્રયાસ કરી રહી હોવાનું તેમણે જણાવ્યું હતું. સમગ્ર મામલે ષડયંત્ર હોવાનો આક્ષેપ કરી તેમણે ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા નિષ્પક્ષ તપાસની માગ કરી હતી. કિંજલબેને કેસના પુરાવા અને CCTVને લઈને પણ સવાલો ઉઠાવ્યા હતા. તેમના જણાવ્યા મુજબ, તપાસમાં દર્શાવવામાં આવતા પુરાવાઓ ચોક્કસ વિસ્તાર સુધી જ હોવાના કારણે તેની આગળની પરિસ્થિતિ અંગે પ્રશ્નો ઊભા થાય છે. CCTV કેમેરા હોવા જોઈએ ત્યારે કેમેરા અંગે સ્પષ્ટતા કેમ નથી થઈ અને તે રાતોરાત ગાયબ થઈ ગયા હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો હતો. તેમણે પોલીસને આ દિશામાં પણ તપાસ કરી એકતરફી કાર્યવાહી ન કરવા માગ કરી હતી.

### ‘આકસ્મિક મોતને હત્યાનું સ્વરૂપ અપાઈ રહ્યું છે’

આ તરફ ડિયણ ગામના સ્થાનિક યુવાન અશ્વિનકુમાર પટેલે પણ આરોપી પક્ષની રેલીમાં આગેવાની લીધી હતી. તેમણે જણાવ્યું હતું કે અમીશ પટેલના મોતનું દુઃખ છે, પરંતુ 12 સપ્ટેમ્બરે બનેલી ઘટના અકસ્માત હોવાનું તેમનું કહેવું છે. કેટલાક લોકો નેતાગીરી કરવા માટે અકસ્માત મોતની ઘટનાને હત્યાનું સ્વરૂપ આપી રહ્યા હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો.અશ્વિનકુમાર પટેલના જણાવ્યા મુજબ, અમીશ પટેલ રાત્રે આશરે 8થી 10:30 વાગ્યા દરમિયાન મહાશક્તિ ફાર્મ હાઉસ ખાતે પાર્ટીમાં હતો. ત્યાંથી નીકળ્યા બાદ ડિયણ ગામ તરફ જતા સમયે તેનું ડ્રાઇવિંગ રફ હોવાનું અને રસ્તામાં ઊભેલી બાઇક તથા કારને ટક્કર મારી આગળ વધ્યા હોવાનો તેમણે દાવો કર્યો હતો.

### ‘સિક્કાની બંને બાજુ જોઈને જ નિર્ણય લો’

અશ્વિનકુમાર પટેલે કોળી સેના તથા પટેલ પ્રગતિ સમાજના હોદ્દેદારોને પણ અપીલ કરી હતી કે, મૃતક યુવાન માટે જેમ આગળ આવીને રજૂઆત કરવામાં આવી રહી છે તેમ જ જેલમાં રહેલા સાતેય યુવાનો પણ સમાજના જ છે. તેથી સમગ્ર ઘટનામાં એકતરફી અભિગમ અપનાવવાને બદલે બંને પક્ષની હકીકતો તપાસવી જોઈએ.ફરિયાદી પક્ષ દ્વારા હત્યાની કલમ ઉમેરવાની માગ અને હવે આરોપી પક્ષ દ્વારા નિષ્પક્ષ તપાસ તથા ધરપકડ સામે કરવામાં આવેલી રજૂઆતને પગલે અમીશ પટેલ અપમૃત્યુ કેસમાં પોલીસ તપાસ કઈ દિશામાં આગળ વધે છે અને IG કચેરીએ કરાયેલી રજૂઆત બાદ શું કાર્યવાહી થાય છે તેના પર નજર છે.

# ‘જેવી ફાવે તેવી કાર ચલાવો, 8000 આપો એટલે લાઇસન્સ પાક્કું!’

**બારડોલી** RTOમાં ડ્રાઈવિંગ ટેસ્ટની પરીક્ષામાં સેટિંગની એજન્ટની ઓડિયો ક્લિપ વાયરલ

સુરતઃ બારડોલી આરટીઓની પોલ ખોલતી એક ચોંકાવનારી ઓડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે, જેનાથી સમગ્ર તંત્રમાં ખળભળાટ મચી ગયો છે.

વાયરલ થયેલી આ ઓડિયો ક્લિપમાં ખુલ્લેઆમ કૌભાંડ ચાલતું હોવાનો ઘટસ્ફોટ થયો છે. એજન્ટો દ્વારા અરજદારોને બેફામ થઈને ખાતરી આપવામાં આવે છે કે ડ્રાઇવિંગ ટેસ્ટ દરમિયાન ‘જેવી ફાવે તેવી કાર ચલાવીને પણ પાસ થઈ જશો’, કારણ કે પરીક્ષા પદ્ધતિમાં અંદરખાને સંપૂર્ણ સેટિંગ કરવામાં આવે છે. આ એજન્ટો માત્ર 8000 રૂપિયામાં કોઈપણ પ્રકારની મુશ્કેલી વગર સીધું જ પાકું ડ્રાઇવિંગ લાયસન્સ બનાવી આપવાનો દાવો કરી રહ્યા છે. આરટીઓ જેવી સંવેદનશીલ અને મહત્વપૂર્ણ સરકારી કચેરીમાં સત્તાવાર નિયમોને તારાજી આપીને એજન્ટો દ્વારા ચલાવવામાં આવતા આ અન્યાયી અને ભ્રષ્ટ કારોબાર સામે હવે ઉચ્ચ કક્ષાએથી કડક તપાસ કરવામાં આવે અને જવાબદાર ઇસમો સામે દાખલારૂપ કાનૂની કાર્યવાહી કરવામાં આવે તેવી પ્રબળ લોકબૂમ ઉઠી છે.

### ઓડિયો ક્લિપમાં એજન્ટ શું દાવો કરે છે?

એક એજન્ટની ઓડિયો ક્લિપ વાયરલ થઈ છે. એજન્ટ સુરતનો હોવાની ચર્ચા છે. તે એજન્ટ રેટકાર્ડની ખુલ્લેઆમ ચર્ચા કરે છે. તે કહે છે કે એકલા કાર માટે 7000, કાર અને બાઈક માટે 8500નો રેટ છે. એજન્ટ પોતાના મળતિયાને 15 ડિસેમ્બર સુધી કામ લાવી આપવા કહે છે. ઉપરનું કમિશન અલગથી રાખવા પણ કહે છે. એજન્ટ કહે છે કે, જેવી આવડે તેવી ગાડી ચલાવશો તો ચાલશે. 20થી 25 ટકા ગાડી આવડે તો પણ ચાલશે. ફર્સ્ટ ગિયરમાં ગાડી આગળ પાછળ કરશો તો ચાલશે. એજન્ટના રેટકાર્ડનો મેસેજ પણ સોશિયલ મીડિયામાં ફરતો થયો છે.

### એપોઈન્ટમેન્ટ માટે પણ 1000 વસૂલાય છે

આરટીઓ કચેરીમાં ચાલતી ગેરરીતિઓનો આ પહેલો મામલો નથી. અગાઉ પણ બારડોલી આરટીઓમાં ગેરવહીવટ અને લૂંટફાટના અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવી ચૂક્યા છે. છેલ્લા કેટલાંક સમયથી અરજદારોને એપોઈન્ટમેન્ટ મળી રહી નથી. અરજદારોને ઓનલાઈન એપોઈન્ટમેન્ટ મેળવવામાં પડતી મુશ્કેલીઓનો ફાયદો ઉઠાવીને તેમની પાસેથી માત્ર એપોઈન્ટમેન્ટ લેવાના નામે જ ગેરકાયદેસર રીતે રૂ. 1000 સુધીનો વધારાનો ચાર્જ વસૂલવામાં આવતો હોવાની ગંભીર બાબતો પણ ચર્ચામાં રહી ચૂકી છે.

# મગદલ્લા ONGC બ્રિજથી ઈચ્છાપોર ચાર રસ્તા સુધી સ્ટ્રીટલાઈટ લગાડાશે

**માર્ગ** અને મકાન વિભાગનો હેવી ટ્રાફિકવાળા મગદલ્લા-ઈચ્છાપોર માર્ગ પર રાત્રિ સલામતી માટે નિર્ણય

**રૂ.2.70** કરોડના ખર્ચે તબક્કા-1નું કામ પૂર્ણ; કુલ રૂ.6.46 કરોડનો કુલ ખર્ચ કરાશે

સુરતઃ હજીરા અને ઔદ્યોગિક વિસ્તારો તરફ જતાં ભારે વાહનોની સતત અવરજવર ધરાવતા મગદલ્લા-ઈચ્છાપોર માર્ગ પર રાત્રિના સમયે વાહનચાલકોની મુશ્કેલી અને અકસ્માતના જોખમને ઘટાડવા માટે સ્ટ્રીટલાઈટની સુવિધા ઊભી કરવામાં આવી છે. ચોર્યાસી વિધાનસભા વિસ્તારમાં મગદલ્લા ONGC બ્રિજથી ઈચ્છાપોર ચાર રસ્તા સુધી તબક્કા-1 હેઠળ રૂ.2.70 કરોડના ખર્ચે સ્ટ્રીટલાઈટનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે.

મગદલ્લા ONGC બ્રિજથી હજીરા સર્કલ તરફ જતો મુખ્ય માર્ગ તેમજ તેની આસપાસના સર્વિસ રોડ પર દિવસ દરમિયાન ભારે વાહનોની અવરજવર રહે છે. ઔદ્યોગિક વાહનો ઉપરાંત અન્ય વાહનોની પણ સતત અવરજવર હોવાના કારણે આ માર્ગ મહત્વપૂર્ણ ટ્રાફિક કોરિડોર બની રહ્યો છે. જોકે, રાત્રિના સમયે પૂરતા પ્રકાશના અભાવે વાહનચાલકોને માર્ગની સ્થિતિ, વળાંક અને આસપાસના વાહનોનો અંદાજ મેળવવામાં મુશ્કેલી પડતી હોવાની રજૂઆતો થતી હતી. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદીપ દેસાઈ દ્વારા માર્ગ પર સ્ટ્રીટલાઈટની સુવિધા ઊભી કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી. નિર્દિષ્ટ વિસ્તારના અનુદાનમાંથી કુલ અંદાજિત રૂ.6.46 કરોડના ખર્ચે સ્ટ્રીટલાઈટના કામને મંજૂરી આપવામાં આવી હતી.

તેના પ્રથમ તબક્કામાં મગદલ્લા ONGC બ્રિજથી ઈચ્છાપોર ચાર રસ્તા સુધીનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. રૂ.2.70 કરોડના ખર્ચે પૂર્ણ થયેલા આ તબક્કા-1ના સ્ટ્રીટલાઈટ પ્રકલ્પનું તા.26 સપ્ટેમ્બરે સાંજે 6:30 કલાકે ધારાસભ્ય સંદીપ દેસાઈના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. કાર્યક્રમ રાષ્ટ્રીય ધોરીમાર્ગના સર્વિસ રોડ, ઓરો યુનિવર્સિટી માર્ગ અને ભાટપોર ગામ તરફના રસ્તા ખાતે યોજાશે. સ્ટ્રીટલાઈટ શરૂ થતાં મગદલ્લા ONGC બ્રિજથી ઈચ્છાપોર ચાર રસ્તા સુધીના માર્ગ પર રાત્રિના સમયે પ્રકાશની સુવિધા ઉપલબ્ધ બનશે. આ માર્ગ પર વાહનચાલકોને વધુ સ્પષ્ટ દૃશ્યતા મળી રહે તેવી અપેક્ષા છે.

# સુરત-વડોદરાનો પાસ હતો પણ ભરૂચ પર ઊતર્યો તો ટિકિટ વિનાનો ગણી લેવાયો



**રેલવેના** અધિકારીઓએ બુદ્ધિનું દેવાળું ફૂંકી મુસાફર પાસેથી દંડ પેટે રૂપિયા 560 વસૂલ્યા

સુરતઃ સુરત અને વડોદરા વચ્ચે નિયમિત મુસાફરી કરતા એક પાસધારક મુસાફર પાસેથી ભરૂચ રેલવે સ્ટેશન પર રૂ. 560 દંડ વસૂલવાનો મામલો સામે આવ્યો છે. સુરતના મુસાફર વિરલ ભાવસારનો આરોપ છે કે 23 સપ્ટેમ્બરના રોજ ભરૂચ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-1 પર ટિકિટ ચેકિંગ સ્ટાફે તેનો ક્વાર્ટરલી સીઝન ટિકિટ જોવા છતાં તેને ટિકિટ વિનાનો ગણાવ્યો હતો. હાલ આ મામલે રેલવે દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

મુસાફરના જણાવ્યા મુજબ તેની પાસે 21 સપ્ટેમ્બરના રોજ ઈસ્યુ કરાયેલી અંકલેશ્વરથી રાનોલી વચ્ચેની સુપરફાસ્ટ, સેકન્ડ ક્લાસનો સિઝન પાસ હતો. તે ભરૂચ સ્ટેશને ઉતરી ગયો હતો. ત્યારે ચેકિંગ સ્ટાફે વાંધો ઉઠાવતા કહ્યું કે ટિકિટ અંકલેશ્વરથી રાનોલી સુધીની છે, તેથી ભરૂચમાં ઉતરવું કે ત્યાંથી મુસાફરી કરવી માન્ય નથી. મુસાફરનો આરોપ છે કે દલીલ દરમિયાન તેને ટીટી કાર્યાલયમાં લઈ જવામાં આવ્યો અને ટિકિટ વિના મુસાફરીનો કેસ બનાવવાની ધમકી આપવામાં આવી.

બાદમાં RPF ના જવાનોને બોલાવવામાં આવ્યા અને દંડ ભરવા અથવા કાર્યવાહીનો સામનો કરવાની ચેતવણી આપવામાં આવી. લગભગ 20-30 મિનિટની ચર્ચા બાદ મુસાફરે રૂ. 560 નો દંડ ભરીને રસીદ મેળવી હતી. અંતિમ નિર્ણય રેલવેની તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

### દંડની રસીદ પર બીજી ટ્રેન નંબરનો નંબર લખાયાનો આક્ષેપ

મુસાફરે રસીદ પર ટ્રેન નંબર 20626 લખાયેલો હોવા પર પણ વાંધો ઉઠાવ્યો છે. તેનું કહેવું છે કે જે સમયે તેને પ્લેટફોર્મ નંબર-1 પર રોકવામાં આવ્યો, ત્યારે ટ્રેન નંબર 20626 પ્લેટફોર્મ નંબર-4 પર ઉભી હતી. મુસાફરે રસીદ પર પોતાનો વાંધો નોંધાવવાની વિનંતી કરી હતી, પરંતુ આરોપ છે કે તે સ્વીકારવામાં આવ્યો ન હતો.

# ભ્રષ્ટાચાર પર બ્રેક: ગુજરાતમાં ત્રણ મહિના ‘પ્રિવેન્ટિવ વિજિલન્સ’ એલર્ટ

**આગામી** તા.31 ઓક્ટોબરથી 6 નવેમ્બર સુધી સતર્કતા જાગૃતિ સપ્તાહ, ત્યારબાદ 10 સપ્ટેમ્બરથી 9 ડિસેમ્બર સુધી ચાલશે નિવારાત્મક ઝુંબેશ

ગાંધીનગરઃ ભ્રષ્ટાચાર થયા બાદ કાર્યવાહી કરવાની પરંપરાગત પદ્ધતિની સાથે હવે ભ્રષ્ટાચારની શક્યતા જ ઊભી ન થાય તે માટે ગુજરાત સરકાર ‘પ્રિવેન્ટિવ વિજિલન્સ’ પર ભાર મૂકશે. સતર્કતા જાગૃતિ સપ્તાહને માત્ર એક સપ્તાહ પૂરતો કાર્યક્રમ ન રાખી રાજ્યમાં 10 સપ્ટેમ્બરથી 9 ડિસેમ્બર, 2026 સુધી ત્રણ મહિનાની નિવારાત્મક સતર્કતા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ‘Probity for Prosperity’ એટલે કે ‘સત્યનિષ્ઠાથી સમૃદ્ધિ’ની થીમ હેઠળ 31 ઓક્ટોબરથી 6 નવેમ્બર સુધી સતર્કતા જાગૃતિ સપ્તાહ યોજાશે. જોકે તેની સાથે ત્રણ મહિના સુધી ચાલનારી ઝુંબેશમાં સરકારી ખરીદીથી લઈને કોન્ટ્રાક્ટ મેનેજમેન્ટ, મહેસૂલ વહીવટ, નાણાકીય વ્યવહારો, સાયબર સુરક્ષા અને ડિજિટલ સેવાઓ સુધીના ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે.

### સરકારી ખરીદી પર ખાસ નજર

સરકારી ખરીદીની પ્રક્રિયામાં પારદર્શિતા વધારવા MSME અને વેન્ડર્સ માટે માસ્ટર ક્લાસ, વર્કશોપ અને કેમ્પ યોજાશે. ‘સતર્ક સપ્લાયર, સ્ટ્રોંગ ગુજરાત’ હેઠળ સરકારી ખરીદીના Dos & Don’ts અંગે માર્ગદર્શન અપાશે અને 500થી વધુ અધિકારીઓને તાલીમ આપવાનું આયોજન છે.

### ગુજરાતે લોન્ચ કરી ‘AI ગ્રીન સિટિઝન સ્કોર’ એપ

# વૃક્ષ વાવો, કચરો અલગ કરો, સાઈકલ ચલાવો અને મેળવો ‘ગ્રીન પોઈન્ટ્સ’

**પર્યાવરણલક્ષી** પ્રવૃત્તિઓનો ડિજિટલ રેકોર્ડ, ચકાસણી બાદ મળશે પોઈન્ટ્સ

ગાંધીનગરઃ હવે નાગરિકો પર્યાવરણ બચાવવા માટે કરેલી પોતાની નાની-મોટી પ્રવૃત્તિઓનો માત્ર અનુભવ જ નહીં, પરંતુ તેનો ડિજિટલ રેકોર્ડ પણ રાખી શકશે અને તેના આધારે પોતાનો ‘ગ્રીન સ્કોર’ મેળવી શકશે. ગુજરાત સરકારે નાગરિકોને પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ સાથે જોડવા માટે ‘AI ગ્રીન સિટિઝન સ્કોર’ મોબાઈલ એપ લોન્ચ કરી છે. વૃક્ષારોપણ, કચરાનું વિભાજન અને રિસાયક્લિંગ, પ્લાસ્ટિક એકત્રિત કરવું, જળ સંરક્ષણ, સાયકલિંગ, પગપાળા ચાલવું, જાહેર પરિવહન અને કારપૂલિંગ જેવી પ્રવૃત્તિઓ એપ પર નોંધાવી શકાશે.

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડ (GIL) દ્વારા તૈયાર કરાયેલી આ એપમાં નાગરિકોની પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓની ચકાસણી બાદ યોગ્ય પ્રવૃત્તિ માટે ગ્રીન પોઈન્ટ્સ આપવામાં આવશે.

આ પોઈન્ટ્સના આધારે નાગરિકનો ગ્રીન સ્કોર તૈયાર થશે, જેના થકી પોતાની પર્યાવરણલક્ષી ભાગીદારીની પ્રગતિ પણ જોઈ શકાશે. એપમાં AI આધારિત સુવિધાઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

લાગુ પડતી પ્રવૃત્તિઓમાં ફોટોગ્રાફ અને સ્થળની માહિતી સહિતની વિગતોના આધારે ચકાસણી કરવામાં AI મદદરૂપ બનશે. સાથે જ એપમાં રહેલો AI ગ્રીન આસિસ્ટન્ટ નાગરિકોને ગ્રીન પ્રવૃત્તિઓ, અભિયાનો અને ગ્રીન પોઈન્ટ્સ અંગે માર્ગદર્શન આપશે.

# પીએફની મર્યાદા 25 હજાર થતાં સુરત રિજયનમાં 1.50 લાખ નવા ઉમેરાશે

**સુરત** રિજયનમાં હાલ 4.50 લાખ PF સભ્યો અને 35 હજાર કંપનીઓ છે

**દેશભરમાં** 51 લાખથી વધુ કર્મચારીઓ EPFOના દાયરામાં આવવાની શક્યતા



સુરત : કેન્દ્ર સરકારે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) હેઠળ ફરજિયાત કવરેજ માટેની માસિક વેતન મર્યાદા રૂ.15,000થી વધારી રૂ.25,000 કરવાની મંજૂરી આપતાં સુરતના ઔપચારિક રોજગાર ક્ષેત્રમાં પણ તેનો મોટો પ્રભાવ જોવા મળે તેવી શક્યતા છે. સુરત રિજ્યનમાં આ ફેરફારથી અંદાજે 1થી 1.50 લાખ નવા PF ધારકોનો ઉમેરો થઈ શકે છે.

EPFOના 2023-24ના આંકડા મુજબ સુરત રિજ્યન હેઠળ આવતા જિલ્લાઓમાં કુલ 33,08,425 PF ધારકો નોંધાયેલા છે. જ્યારે સુરત રિજ્યનના સીધા કાર્યક્ષેત્રમાં આશરે 4.50 લાખ PF સભ્યો અને 35,000 જેટલી કંપનીઓનો સમાવેશ થાય છે. હાલ રૂ.15,000થી વધુ માસિક વેતન ધરાવતા નવા કર્મચારીઓ સામાન્ય રીતે EPFOની ફરજિયાત સભ્યતાના દાયરામાં આવતા ન હતા. હવે મર્યાદા રૂ.25,000 થતાં રૂ.15,000થી રૂ.25,000ના વેતન વર્ગમાં આવતા પાત્ર કર્મચારીઓને EPF, EPS તથા EDLI જેવી સામાજિક સુરક્ષા યોજનાઓનો લાભ મળવાનો માર્ગ ખુલશે. EPFO સુરતના પ્રાદેશિક ભવિષ્ય નિધિ કમિશનર-I તથા પ્રભારી અધિકારી સંજયસિંહ ગુર્જરે નોકરીદાતાઓને હાલથી જ આવા કર્મચારીઓની ઓળખ કરી UAN, KYC તથા વેતન સંબંધિત રેકોર્ડ અપડેટ રાખવા અપીલ કરી છે. મર્યાદામાં વધારો અમલમાં આવવાની તારીખ અને વિગતવાર માર્ગદર્શિકા અંગે શ્રમ મંત્રાલય તથા EPFO દ્વારા સૂચનાઓ જાહેર થયા બાદ જ નોકરીદાતાઓએ અંતિમ કાર્યવાહી કરવાની રહેશે. નવા સભ્યોના ઉમેરા સાથે કર્મચારીઓની નિવૃત્તિ બચત ઉપરાંત EDLI હેઠળની વીમા સુરક્ષાના વ્યાપમાં પણ વધારો થવાની શક્યતા છે.

# GLDCના તત્કાલીન ફિલ્ડ આસિ.ની 15 મિલકત ઈડીએ ટાંચમાં લીધી

**સુરત** ઈડીએ ભાવનગર, અમદાવાદથી પુણે સુધી મિલકતો શોધી કાઢી

**આવકના** સ્ત્રોત કરતાં રૂ.1.15 કરોડની અપ્રમાણસર સંપત્તિ મળી આવી

સુરત : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની સુરત સબ-ઝોનલ ઓફિસે ભ્રષ્ટાચારના કેસમાં મોટી કાર્યવાહી કરતાં ગુજરાત લેન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ , ભરૂચના તત્કાલીન ફિલ્ડ આસિસ્ટન્ટ વલિયા શિબાભાઈ ઝુંઝાભાઈ ઉર્ફે ભૂપતભાઈ અને અન્યો સામેની તપાસમાં કુલ 15 સ્થાવર મિલકતો કામચલાઉ ધોરણે ટાંચમાં લીધી છે. આ અધિકારી પાસેથી તપાસ દરમિયાન આવકના સ્ત્રોત કરતાં રૂ.1.15 કરોડની અપ્રમાણસર સંપત્તિ મળી આવી છે.સુરત ઈડીએ આ કાર્યવાહી 21 સપ્ટેમ્બર, 2026ના રોજ PMLA, 2002ની કલમ 5(1) હેઠળ કરી હતી. સુરત ઈડીના જણાવ્યા મુજબ, ટાંચમાં લેવાયેલી મિલકતો ગુજરાતના ભાવનગર જિલ્લાના મહુવા અને તળાજા, અમદાવાદના ઓઢવ અને સાબરમતી તથા મહારાષ્ટ્રના પુણેના હડપસર વિસ્તારમાં આવેલી છે. ઈડીના અધિકારીઓએ જણાવ્યું હતું કે, તપાસ દરમિયાન એવું બહાર આવ્યું હોવાનું જણાવાયું છે કે જાહેર સેવક તરીકે ફરજ બજાવતા વલિયા શિબાભાઈ ઝુંઝાભાઈએ તેમની જાણીતી આવકના સ્ત્રોતની સરખામણીએ રૂ.1,15,18,350ની અપ્રમાણસર સંપત્તિ હાંસલ કરી હતી. આ તપાસના આધારે ઈડીએ કુલ રૂ.1,14,98,600ની કિંમત ધરાવતી 15 સ્થાવર મિલકતોને કામચલાઉ ધોરણે ટાંચમાં લીધી છે.

### ACBની FIR અને ચાર્જશીટના આધારે ઈડીની તપાસ

આ કેસમાં ઈડીની તપાસનો આધાર ભાવનગર ACB પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIR અને ભાવનગરની વિશેષ ACB કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલી ચાર્જશીટ છે. વલિયા શિબાભાઈ ઝુંઝાભાઈ ઉર્ફે ભૂપતભાઈ તે સમયે GLDC, ભરૂચમાં ફિલ્ડ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા હતા. તેમની સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1988ની કલમ 13(1)(b) સાથે 13(2) હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. આ જ કેસને આધારે ઈડીએ મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ (PMLA), 2002 હેઠળ તપાસ હાથ ધરી હતી.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### શ્રીજીના દર્શન...

વિસ્તારોમાં રાત્રે ૯ વાગ્યાથી ભક્તોની ભીડ વધતી ગઈ હતી અને વહેલી સવાર સુધી દર્શન માટે શ્રદ્ધાળુઓની કતારો જોવા મળી હતી. ભક્તોની સંખ્યા એટલી વધી હતી કે દર્શન માટેની કતારો મંડપની હદ વટાવીને મુખ્ય માર્ગો સુધી પહોંચી ગઈ હતી. લાંબી કતારોને કારણે શ્રદ્ધાળુઓને વ્યવસ્થિત રીતે દર્શન કરાવવા માટે આયોજકો અને સ્વયંસેવકો સતત ખડેપગે રહ્યા હતા. અનેક વિસ્તારોમાં રાત્રિના સમયે પણ રસ્તાઓ પર ભક્તોનો પ્રવાહ જોવા મળ્યો હતો અને પંડાલોની આસપાસ મેળા જેવો માહોલ સર્જાયો હતો.વિસર્જન પૂર્વે શ્રીજીનાં અંતિમ દર્શન માટે ઉમટેલી ભીડે ગણેશોત્સવની ભક્તિનો માહોલ વધુ ગાઢ બનાવ્યો છે.

### એરપોર્ટના...

વિસ્તારોમાંથી સુરત એરપોર્ટ તરફ આવતા માર્ગો પર ટ્રાફિકની ગતિ ધીમી પડવાની અથવા વાહનોની લાંબી કતારો સર્જાવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને મુસાફરોને સમયસર ઘરેથી નીકળવા જણાવાયું છે.

એરપોર્ટ સત્તાવાળાઓએ મુસાફરોને મુસાફરી શરૂ કરતાં પહેલાં પોતાના રૂટની સ્થિતિ ચકાસી લેવા પણ અપીલ કરી છે. ટ્રાફિકના કારણે ફ્લાઇટ પકડવામાં વિલંબ ન થાય તે માટે મુસાફરોએ સામાન્ય દિવસોની સરખામણીમાં પૂરતો વધારાનો સમય રાખવો જરૂરી બનશે.

### કૃત્રિમ તળાવોમાં...

તમામ ૯ ઝોન વિસ્તારમાં કુલ ૨૧ કૃત્રિમ તળાવો તૈયાર કરી દેવાયા છે જેના પર રાઉન્ડ ધ ક્લોક કામગીરી માટે મનપાએ સ્ટાફ અને મશીનરી ઉપરાંત ફોકસ લાઈટીંગની પણ વ્યવવસ્થા કરી કરી દીધી હોવાનું મનપાના સુત્રોએ જણાવયું છે.

સુરત મનપા દ્વારા તૈયાર કરવામાં આવનારા ૨૧ કૃત્રિમ તળાવો માટે પાણીની ક્ષમતાનું આકલન કરવામાં આવ્યું છે. આ તમામ તળાવોને ભરવા માટે કુલ ૨,૯૦,૧૩,૫૦૦ લીટર (આશરે ૨.૯૦ કરોડ લીટર) પાણીનો ઉપયોગ કરવામાં આવશે. સૌથી વધુ ૨૭.૫૦ લાખ લીટર પાણીની ક્ષમતા ધરાવતું કૃત્રિમ તળાવ અઠવા (સાઉથ વેસ્ટ) ઝોનના વેસુ વી.આઈ.પી. રોડ ખાતે તૈયાર કરવામાં આવ્યું છે.

#### નવો પૂર્વ ઝોન (સરથાણા)

- **સીમાડાઃ** (સરથાણા-સીમાડા) ગૌરવ સેનાની બાજુમાં
- **મોટા વરાછાઃ** (મોટા વરાછા) રામ ચોક પાસે, મોટા વરાછા

#### દક્ષિણ પૂર્વ ઝોન (લિંબાયત)

ડિંડોલીઃ નવાગામ ડિંડોલી સીએનજી પંપથી નંદનવન રો-હાઉસ તરફ જતા રોડ પર

ડુંભાલઃ (પરવટ-ડુંભાલ), રાજ ટેક્ષટાઇલની બાજુમાં

ગોડાદરાઃ (પરવટ-ગોડાદરા)આહીર ચોક પાસે, દેવકૃપા રો-હાઉસની બાજુમાં

#### પૂર્વ (વરાછા) ઝોન-એ

પુણાઃ ક્રિસ્ટલ પ્લાઝાની બાજુમાં, સિલ્વર ચોક પાસે

#### સાઉથ ઝોન-એ (ઉધના)

ખટોદરા : ખરવરનગર જંક્શન પાસે

ભેસ્તાનઃ ભેસ્તાન ફાયર સ્ટેશન પાસે

### હજીરા બોટ...

આ વર્ષે વિશાળ પ્રતિમાઓની સંખ્યા તથા કદમાં વધારો થતાં વધુ ત્રણ ક્રેનનો ઉમેરો કરવામાં આવ્યો છે. પરિણામે આ વર્ષે કુલ 15 ક્રેન દ્વારા શ્રીજીની પ્રતિમાઓને વિસર્જન માટે ઓવારામાં ઉતારવાની કામગીરી હાથ ધરાશે. વિસર્જનની કામગીરી દરમિયાન કોઈ અડચણ ન સર્જાય અને વિશાળ પ્રતિમાઓને સલામત રીતે વિસર્જન સ્થળ સુધી પહોંચાડી શકાય તે માટે 15 ફોર્કલિફ્ટ મશીન અને 15 ગેસ કટર મશીન પણ તૈયાર રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત સમગ્ર કામગીરીમાં સંકલન અને વ્યવસ્થા જાળવવા માટે લગભગ 600 સ્વયંસેવકોની ટીમ ખડેપગે રહેશે. આ વર્ષે સતત આઠમા વર્ષે અહીં શ્રીજી વિસર્જનનું આયોજન કરવામાં આવ્યું છે. ખાસ કરીને શહેરની વિશાળકાય ગણેશ પ્રતિમાઓના વિસર્જન માટે આ સ્થળ મહત્વનું બન્યું છે.

### મનપાની...

મોત બાદ તંત્ર દ્વારા બાકી રહેલા પરિવારોને પણ તાત્કાલિક ફ્લેટ ખાલી કરાવવાની કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

### 30 વર્ષ...

નીચે દબાઈ ગયો હતો. આ સમયે તેના માતા-પિતા અને બહેન ફ્લેટના બીજા રૂમમાં હોવાથી તેઓનો ચમત્કારિક બચાવ થયો હતો, પરંતુ નજર સામે જ એકનો એક દીકરો કાટમાળ નીચે દબાતાં પરિવારમાં આક્રંદ છવાઈ ગયો હતો.બનાવની જાણ થતાં ત્રણ ફાયર સ્ટેશનની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી અને ભારે જહેમત બાદ યુવકને કાટમાળમાંથી બહાર કાઢી 108 એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખસેડ્યો હતો. જોકે, ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આલોકના માતા-પિતા અને બહેન તે સમયે ફ્લેટના અન્ય રૂમમાં હોવાથી તેમનો બચાવ થયો હતો. એકના એક દીકરાના મોતથી પરિવારજનોમાં આક્રંદ છવાઈ ગયો હતો. બનાવની જાણ થતાં સાંસદ મુકેશ દલાલ, સ્થાનિક કોર્પોરેટરો તેમજ પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

### આખરે સુરતની...

આ અગાઉ રેલવે બોર્ડે 31 ઓગસ્ટના રોજ 26903/04 સુરત-ઉદયપુર-સુરત વંદે ભારતને મંજૂરી આપી હતી. ત્યારબાદ સુરતમાં પ્રાથમિક મેન્ટેનન્સને લઈને પશ્ચિમ રેલવેના મિકેનિકલ વિભાગે વ્યવહારુ પડકારો રજૂ કર્યા હતા. જેમાં કવર્ડ પિટ, રૂફ વર્કિંગ સુવિધા, એડજસ્ટેબલ પ્લેટફોર્મ, 650 વોલ્ટ સપ્લાય, કેન્દ્રીકૃત કોમ્પ્રેસ્ડ એર, બોગી ડ્રોપ, વ્હીલ લેથ, સ્ટાફ અને સ્પેર પાર્ટ્સ સહિત લગભગ 11 મુદ્દાઓ પર તૈયારીની જરૂરિયાત જણાવવામાં આવી હતી. 16 સપ્ટેમ્બરના રોજ આ મુદ્દો ઉઠાવાયા બાદ બીજા જ દિવસે પશ્ચિમ રેલવે મુખ્યાલયના નિર્દેશ પર સુરત કોચિંગ ડેપોનો ફરીથી ફિઝિબિલિટી સર્વે શરૂ કરવામાં આવ્યો હતો. મિકેનિકલ વિભાગની ટીમે હાલના સંસાધનો અને જરૂરી સુવિધાઓનું મૂલ્યાંકન કર્યું હતું. હવે તેના બાદ રેલવેએ સંચાલન માટે વ્યવહારું વ્યવસ્થા તૈયાર કરી લીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ટ્રેનના સાપ્તાહિક ડિટેલ મેન્ટેનન્સ માટે મંગળવારનો દિવસ નક્કી કરવામાં આવ્યો છે. ઉદયપુરમાં પહેલેથી જ વંદે ભારત ટ્રેનોની મેન્ટેનન્સ સુવિધા ઉપલબ્ધ હોવાને કારણે આ વ્યવસ્થા કરવામાં આવશે. તો સુરત કોચિંગ ડેપોમાં પણ ટૂંક સમયમાં વંદે ભારત માટે જરૂરી મેન્ટેનન્સ સુવિધાઓ વિકસાવવામાં આવશે.

### પરીક્ષાના પરિણામ...

દ્વારા ડોક્ટરની શૈક્ષણિક સ્થિતિ, પરિવારજનો અને સાથી વિદ્યાર્થીઓ પાસેથી મળતી માહિતી સહિતના તમામ પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે.

### પત્ની પણ...

હતા. ખટોદરા પોલીસે અકસ્માતે મોતની નોંધ સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ તપાસ બાદ જ ઘટનાના ચોક્કસ કારણ અને સંજોગો અંગે વધુ વિગતો સામે આવશે.

### સાથી વિદ્યાર્થીઓએ...

અને તબીબોને જાણ કરવામાં આવતા તાત્કાલિક સારવાર માટે ટ્રોમા સેન્ટરમાં ખસેડાયા હતા.

### પરીક્ષામાં ફેઈલ...

સેન્ટરમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. પ્રાપ્ત માહિતી મુજબ, અમદાવાદના વતની અને નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસની હોસ્ટેલમાં રહેતા 30 વર્ષીય ડો. યોગેન દિલીપભાઈ પ્રજાપતિ સરકારી મેડિકલ કોલેજના એનાટોમી વિભાગમાં ત્રીજા વર્ષમાં રેસિડેન્ટ ડોક્ટર તરીકે અભ્યાસ કરતા હતા. ગુરૂવારે બપોરે તેઓ લાંબા સમય સુધી નજરે ન પડતાં સાથી વિદ્યાર્થીઓએ તેમની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન તેઓ એનાટોમી વિભાગના ડિસેક્શન હોલમાં ગંભીર હાલતમાં મળી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં વિભાગના તબીબો અને સ્ટાફ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને ડો. યોગેનને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં લઈ જવાયા હતા. જોકે સારવાર શરૂ થાય તે પહેલાં જ તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

ઘટનાની જાણ થતાં મેડિકલ કોલેજ અને નવી સિવિલ હોસ્પિટલના અધિકારીઓ તેમજ પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. પ્રાથમિક તપાસમાં ડોક્ટરના શરીર પર ઈજાના નિશાન મળી આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. જોકે મોતનું ચોક્કસ કારણ અને સમગ્ર ઘટનાક્રમ અંગે પોલીસ તપાસ બાદ જ સ્પષ્ટતા થશે.

### દોઢ મહિનામાં બીજી ઘટનાથી મેડિકલ કેમ્પસમાં ચિંતા

નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં રેસિડેન્ટ ડોક્ટરના મોતની આ ઘટના દોઢેક મહિના અગાઉ બનેલી ઘટનાની યાદ ફરી તાજી કરી રહી છે. અગાઉ માઇક્રોબાયોલોજી વિભાગના એક રેસિડેન્ટ ડોક્ટરના મોતની ઘટનાને પગલે મેડિકલ વર્તુળમાં રેસિડેન્ટ ડોક્ટરોના માનસિક દબાણ, અભ્યાસ અને કામના ભારણ સહિતના મુદ્દાઓ અંગે ચર્ચા શરૂ થઈ હતી. આ ઘટનાના પડઘા હજુ શમ્યા નથી ત્યાં ફરી એક રેસિડેન્ટ ડોક્ટરનું મોત થતાં કેમ્પસમાં શોક અને ચિંતાનું વાતાવરણ સર્જાયું છે.

### અગાઉની ઘટનાના પડઘા વચ્ચે ફરી રેસિડેન્ટ ડોક્ટરનું મોત

નવી સિવિલ કેમ્પસમાં અગાઉ માઇક્રોબાયોલોજી વિભાગના રેસિડેન્ટ ડોક્ટરના મોતની ઘટના બની હતી. આ ઘટનાના દોઢેક મહિના બાદ એનાટોમી વિભાગના ત્રીજા વર્ષના રેસિડેન્ટ ડોક્ટરનું મોત થતાં રેસિડેન્ટ ડોક્ટરો પરના શૈક્ષણિક અને વ્યવસાયિક દબાણ અંગે ફરી ચર્ચા શરૂ થઈ છે. જોકે બંને ઘટનાઓ વચ્ચે કોઈ સીધો સંબંધ હોવાનું હાલ સામે આવ્યું નથી.